Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પોષ

પુસ્તક ૮૩ મું
અંક ૩
૧૦જાન્યુઆરી

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
ઇ. સ. ૧૯૬૭

સ્વ. શ્રી કુંવરજીભાઈ આણંદજી
જેમની બાવીસમી પુણ્યતિથિ પોષ શુદ અગિયારસના
રોજ ઉજવવામાં આવશે.

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૩ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

अनुक्रमणिका

૧	શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો–લેખાંક : ૨૦	(સ્વ. મૌક્તિક)	૧૩
૨	પુષ્પદન્તકૃત મહાપુરાણ	(પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)	૧૭
૩	ધ્યાન : ૬	(દીપચંદ જીવણલાલ શાહ)	૨૦
૪	બ્રહ્મચર્ય	(શાહ ચતુર્ભુજ જેચંદ)	ટાઇટલ પેજ ૩

પૂજા ભણાવવામાં આવશે

સ્વ. કુંવરજીભાઇ આણંદજીની બાવીસમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને રવિવારના સવારના દશ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવશે તો સભાસદ બંધુઓ પધારશો.

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને સુચના

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે ૨૦૨૩ ના કારતક થી ૨૦૨૩ આસો માસ સુધીનું લવાજમ રૂા. ૩/૨૫ અંકે ત્રણ ને પચીશ પૈસા મનીઓર્ડરથી મોકલી આપવા કૃપા કરશો હવે દર વરસે લવાજમ લેવું તેમ નક્કી કરેલ છે.

—તંત્રી.

ખેદકારક સ્વર્ગવાસ

આપણી સભાના લાઇફ મેમ્બર શેઠ **નાનચંદ થોભણભાઇ** ઉ. વર્ષ ૮૫ મા. શુ. ૪ ના રોજ ભાવનગર ખાતે સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વભાવે માયાળુ અને મિલનસાર હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતી ઇચ્છીએ છીએ.

ઉપાધ્યાય શ્રી.
વિનયવિજયજી વિરચિત **શ્ર શાંત સુધારસ** (પ્રથમ ને દ્વિતીય ભાગ)

આ ગ્રંથ અપૂર્વ શાંત તેમજ વૈરાગ્ય રસથી ભરપુર છે. જૈન સાહિત્યમાં રાગ રાગણી સાથે સંસ્કૃત ભાષામાં બનેલો આ એક જ ગ્રંથ છે. કર્તાએ તેના વિષયની પુષ્ટિ બહુ ઉત્તમ પ્રકારે કરી છે. તેનો અર્થ ને વિવેચન સ્વ. ભાઈ મોતીચંદ ગીરધરલાલે બહુ વિસ્તારથી લખેલ છે. આ ગ્રંથના બે ભાગમાં મળીને કુલ ૧૬ ભાવના આપેલી છે તેમાં પ્રથમ ભાગમાં નવ ભાવનાનો સમાવેશ કરેલ છે. બીજા ભાગમાં બાકીની સાત ભાવના ઉપરાંત કર્તા શ્રી વિનયવિજયજી મહારાજનું ચરિત્ર પૃષ્ઠ ૧૬૦માં આપેલું છે. બંને ભાગ ૫૦૦ ને ૫૪૦ પૃષ્ઠના છે. કિંમત દરેક ભાગના ૩–૫૦ રૂપીયા છે. બંને ભાગ સાથે મંગાવનારે રૂા. ૯–૫૦ રૂપીયા નવ પચાસ પૈસા મોકલવા પોસ્ટેજ સહીત.   લખો :–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું | પોષ | વીર સં. ૨૪૯૩
અંક ૩ | | વિક્રમ સં. ૨૦૨૩

શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો : : લેખાંક ૨૦

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

આવી જ રીતે વસ્તુ રાજ્યભોગ્ય હોય તે બતાવે અને એવી મૂલ્યવાન ચીજો જેના તુરત મૂલ્ય થઈ શકે, તે બતાવી તેને નકામી કે કિંમત વગરની વસ્તુથી જુદી પાડે એને લઈને પણ ચોરને અને ચોરીને ઉત્તેજન મળે છે. તે રાજ્યભોગ્ય વસ્તુને દેખાડી આપવું તે પણ ચોરીનો એક વિભાગ જ છે. આ ચોથી પ્રસૂતિને મહાવીરસ્વામીએ તજી દીધી, કદી કરી જ નહિ એ ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે. આમાં સારસાર વસ્તુને પારખવાનું કામ આ ચોરીને મદદ કરનાર કરે છે અને તેને વાસ્તવિક ચોરી જ કહેવામાં આવે છે. પાંચમી ચોરીની પ્રસૂતિ અવલોકન છે. ચોર પૂર્વ દિશાએ ગયો હોય તો કોઈ તેને શોધનારને પશ્ચિમ દિશા બતાવવી એ અવલોકન કહેવાય છે, અથવા અમુક જગ્યાએ ખાતર પાડો, ત્યાંથી સારો માલ મળશે, અમુક સ્થાનમાં કાંઈ દમ નથી, એમ કહે તેનું નામ અવલોકન છે. એ પણ એક પ્રકારની ચોરી છે. ચોર ગયો હોય તેની ઊલટી જ દિશાએ ચોર ગયો છે એમ બતાવવું એ રીતે કોઈને ખોટે રસ્તે દોરવવો એ આ પ્રસૂતિમાં સમાય છે. અને એ પ્રસૂતિ છઠ્ઠી અમાર્ગદર્શન પ્રસૂતિમાં બરાબર આવે છે. ચોર ગયો તેથી ઊલટું કે ખોટું અથવા ભળતું સ્થાન બતાવવું તે અમાર્ગ દર્શનમાં આવે છે. આ પ્રસૂતિમાં માર્ગદર્શન એવું કરાવાય છે કે ચોર અને જેને ત્યાંથી ચોરી થઈ હોય તેનો કદી ભેટો જ થાય નહિ. આ ઊલટો માર્ગ બતાવવાથી ચોર કદી વસ્તુ સાથે (Red handed) પકડાતો જ નથી અને ખોટી ખબરને લીધે ઊલટો ઊંધે માર્ગે જાય છે. સાતમી શય્યા પ્રસૂતિ છે. ચોર ચોરી કરીને આવેલ હોય તેને પોતાને ઘેર શય્યા પાથરી સુવડાવી તેને આશ્રય આપવો, આ રીતે ચોરી કરવી એ તો ગુનો છે, પણ ચોરને ચોરી કરીને એમ જાણવા પછી તેને શય્યાદિનો આશ્રય આપવો તે પણ ચોરીની દીકરી છે એમ જાણવું. મહાવીરસ્વામીએ એવા પ્રકારના ચોરને આશ્રય આપવાનું કાર્ય કદી કર્યું જ નહિ એ એમનો પ્રસૂતિ ત્યાગ છે અને આઠમી પ્રસૂતિ પણ પદ ભંગની છે. ચોરનો પગ કોઈ કારણે ભાંગ્યો હોય તો તેને બેસવા માટે વાહનની સગવડ કરી આપે પણ એને ચોરી કરવાની પ્રેરણા કરે એ પદભંગની આઠમી પ્રસૂતિ છે. આ પદભંગ પ્રસૂતિમાં ટ્રામ, બસ કે એરોપ્લેનનો પણ સમાવેશ થાય છે એમ સમજી લેવું. આ પ્રમાણે આઠમી પ્રસૂતિ થઈ. એવી જ રીતે ચોર ચોરીને આવેલ છે એમ જાણવા છતાં ચોરને પોતાને ઘેર ઉતારો આપવો અથવા કોઈ પ્રકારનો આશ્રય આપવો તે નવમી પ્રસૂતિ આશ્રય નામની થઈ. ચોરને સ્થાન આપવું એ પણ ચોરી કરાવવા જેવું છે તે આ પ્રસૂતિથી (નવમી) જણાશે, અને ચોરને પગે પડવું, તેના પગને વંદન કરવું, એટલે તેણે બહુ સારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામ કર્યું છે ને કોઈ પણ હેતુસર કહેવું તે દશમી પાદ પવન નામની પ્રસૂતિ છે. આપણે જે કાળનો વિચાર કરીએ છીએ તે મહાવીરનો સમય છે અને તેમાં ચોરને આશ્રય આપવાથી તેને એક પ્રકારનું ઉત્તેજન આપવા જેવું કામ છે તે સમજી શકાય તેવું છે. ચોરનું ગૌરવ વધારવું કે તેની કોઈ પ્રકારની ભક્તિ કરી તેનાં હલકા કામને ઉત્તેજન આપવું તે ચોરી નહિ તો તેની દીકરી છે એમ આ ઉપરથી સમજવાનું છે. ચોર ચોરી કરીને આવ્યો હોય તેમ જાણવા છતાં તેને માચી, ખુરશી કે એવું કોઇ આસન આપવું તે અગ્યારમી આસન પ્રસૂતિ છે. ચોરને કોઈ રીતે ઉત્તેજન ન આપવું તે આમાં આશય છે એ ધ્યાનમાં રાખવાની બાબત છે. આસન પ્રસૂતિથી ચોરને ચોરીના કામમાં ઉત્તેજન મળે છે. એ જ પ્રમાણે ચોરને છુપાવવો એ બારમી ગોપન પ્રસૂતિ છે. કોઈ પૂછે તેને કહે કે અહીં તો કોઈ ચોર નથી, ચોરને દેખ્યો પણ નથી એ કહેવું તે બારમી ગોપન પ્રસૂતિ થાય છે. આ ગોપન કાર્યમાં ચોરને છુપાવવાનો પણ અને તેને સંતાડી રાખવાનો પણ સમાવેશ થાય છે એ ધ્યાનમાં રહે. આ પ્રકારે બાર પ્રસૂતિ થઇ. તેમજ ચોરને ચોરી કરવાને અંગે ખંડમાંડાદિક વસ્તુઓ આપે, ચોરને કોઇ રીતે ઉત્તેજન આપે તેને ચોરીનાં કામમાં મદદ કરે તે સર્વ નિષિદ્ધ છે અને વસ્તુતઃ તે ચોરી કરવા જેવું જ છે આવી રીતે ખંડમાંડાદિકની મદદ ચોરને ચોર તરીકે જાણવા છતાં કરવી તે ચોરીને ઉત્તેજન આપવા જેવું હોવાથી વસ્તુતઃ ચોરી જ છે. અને ચૌદમી પ્રસૂતિનું નામ મહારાજિક આપવામાં આવ્યું છે. તેનો વિસ્તાર કરતાં તે લોકપ્રસિદ્ધ છે એમ કહેવામાં આવ્યું છે. કોશ જોતાં તેનો અર્થ ૨૨૨ ગણદેવ પૈકીનો એક ગણદેવ છે એમ લખે છે. એ વાતને અને ચોરીને શો સંબંધ છે તે સમજાયું નથી. તે વખતે કદાચ ચોરીના કામમાં ગણદેવની સહાય લેવામાં આવતી હશે. તેનો બીજો અર્થ કોશ પ્રમાણે પટ્ટરાણી થાય છે એટલે પટ્ટરાણીની કોઈ વસ્તુ ચોરવી તે કદાચ આ મહારાજિક હશે, પણ આજે તે શું છે તે મને સમજાતું નથી, બાકી તે લોક પ્રસિદ્ધ તે કાળમાં સર્વત્ર જાણીતી વાત હોય તેમ જણાય છે. આ ચૌદમી ચોરીની પ્રસૂતિ થઇ હવે પંદરમી પ્રસૂતિ વિચારતાં ચોર ચોરી કરીને આવ્યો હોય તેનો થાક ઉતારવા માટે તેને ગરમ પાણી આપવું અથવા તેને ચોરી કરવા માટે રજ્જુ આપવી તે સર્વનો પંદરમી પટ્ટી ઉદકરજ્જુ નામની પ્રસૂતિમાં સમાવેશ થાય છે. આમાં ચોરનો થાક ઉતારવાની વાત છે. અને ઘણે દૂરથી કે પરદેશથી ચોરી કરી આવનારનો સમાવેશ થાય છે એમ જાણવું. આ પ્રસૂતિમાં થાક ઉતારવાના સર્વ ઉપસ્કરનો સમાવેશ થાય છે. સોળમી પ્રસૂતિમાં ચોરને ચોર તરીકે જાણવા છતાં તેને રસોઇ કરવા માટે અગ્નિ આણી આપવી તે વાતનો સમાવેશ થાય છે. તેવી જ રીતે સત્તરમી પ્રસૂતિ ચોર ચોરી કરીને તડકામાં તરસ્યો આવ્યો હોય તેને શીતળ જળ આપવું, પાણી પાવું તે સત્તરમી પ્રસૂતિ થઇ અને ચોરને જનાવરની ચોરી કરીને આવ્યો હોય તેને જનાવર એટલે ગાય, ભેંસ, ઘેટાને બાંધવા આપવું તે ચોરીને એક પ્રકારનું ઉત્તેજન છે. આ પ્રમાણે વિસ્તારથી આ ત્રીજા વ્રતને અંગે આપણે અઢાર પ્રસૂતિઓને વિચારી. તેના મૂળ શ્લોકો નીચે પ્રમાણે છેઃ—

भलानं कुशलं तर्ज्जा, राजभोग्यावलोकनं ।
अमार्गदर्शनं शय्या, पदभंग तथैव च ॥ १ ॥
विश्राम पादपतनं, चासनं गोपनं तथा ।
खंडस्य खादनं चैव, तथान्यमहिराजिकम् ॥ २ ॥
पद्यान्युदकरज्जुनां, प्रदानं ज्ञानपूर्वकम् ।
एताःप्रसुतयो ज्ञेया, अष्टादश मनीषिभिः ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ અસલ શ્લોક પ્રસૂતિઓને કંઠસ્થ રાખવાને અંગે આપ્યા છે. તેનો અર્થ ઉપર થઇ ગયો છે અને એનો વિસ્તાર વંદિતાસૂત્રની અર્થદીપિકામાં કરવામાં આવ્યો છે તે ઘણા વખતથી જૈન કથારત્નકોષના ચોથા ભાગમાં ભીમશી માણેક તરફથી પ્રસિદ્ધ થયેલ છે. આવી રીતે મહાવીરસ્વામીએ ત્રીજા વ્રતની પાલના કરી અને પ્રસૂતિઓ પૈકી કોઇને પણ પોતાના જીવનમાં સ્થાન જ ન આપ્યું. તેઓની ભાવના તો મહાવ્રત લેવાની હતી, તેથી આવી અતિચાર રૂપ પ્રસૂતિઓને તો ત્રીજા વ્રતને અંગે સ્થાન કેમ જ આપે. આ પ્રસૂતિનો વિષય અપ્રસિદ્ધ હોવાથી તેમાં જરા વધારે વિવેચન કર્યું છે તે માત્ર વાંચનારના લાભ માટે અને યાદ રાખવા માટે મૂળ શ્લોક પણ આપ્યા છે. હવે મહાવીરસ્વામીએ ચોથા વ્રતની પાલના કેમ કરી તે જરા વિચારી જઇએ. એ ઘણી અગત્યની વાત છે અને ચોથા વ્રત પાલનને અંગે ખૂબ ઉપયોગી વ્યવહારૂ હકીકત જાણવા લાયક છે. આપણે તે હકીકત જોઇએ.

ચોથા અણુવ્રતનું નામ સ્વદારાસંતોષ વ્રત છે, એમાં પોતે લગ્નવિધિથી પરણેલ સિવાય સર્વ સ્ત્રીઓનો સંગ ત્યાગ છે. વિધવા, વેશ્યા, કુમારિકા એ સર્વને પરદારા ગણવામાં આવે છે. આ વ્રત ઘણું મહત્વનું છે. પારકી સ્ત્રી પરદારાની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મેળવવી નહિ એવો તેમાં હુકમ છે. આ વ્રતને એટલું મહત્વ આપવામાં આવે છે કે એના પાલનને અંગે નવ પ્રકારની વાડ પાળવાનો ગૃહસ્થને પણ હુકમ છે અને ભગવાન મહાવીરસ્વામીએ એ નવે વાડોને ગૃહસ્થાવાસ દરમ્યાન પાળી. એ વાડો પણ ઘણી જ મહત્વની છે. ખેતરનું રક્ષણ જેમ વાડથી થાય છે તેમ એ બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ વાડોથી થાય છે એવી અગત્યની એ વાડો હોવાથી એને જરા વિગતથી આપણે અત્ર જોઈ જવી એ જરૂરી છે. એ આ પ્રમાણે છેઃ (૧) પ્રથમ તો પોતાની પરણેતર સ્ત્રી સિવાયની કોઈપણ સ્ત્રીની સોબત ન કરવી, કારણ કે સોબત હોય ત્યાં કામ વિકાર જાગે છે, તેટલા માટે જ્યાં પડોશમાં ઘણી સ્ત્રીઓ વસતી હોય તેવી વસ્તિમાં પણ ન રહેવું આ યુગમાં આ સંબંધમાં ખાસ સંભાળ રાખવાની છે. હાલમાં ભણવાને બહાને કોલેજ કે હાઇસ્કૂલમાં છોકરીઓ સાથે મળવાનું થાય છે અને ફરવાની જગોએ બગીચામાં પણ અનેક સ્ત્રીઓને મળવાનું થાય છે તેનો ત્યાગ કરવો, એવા સ્થાને ન જવું કે રહેવું તે પ્રથમ ઉપયોગી વાડ છે, એથી પોતાની સ્ત્રીમાં જ સંતોષ થાય છે અને પરકીયા પોતાની થાય તે વૃત્તિનો ઉદ્દભવ પણ થતો નથી. આ પ્રકારે આ પ્રથમ વાડનું પાલન કરવું અને બનતા સુધી સ્ત્રીનો કે કુમારિકાનો કોઈ પણ પ્રસંગ ન થાય તેવી પરિસ્થિતિ ઉપજાવવી. બીજી વાડમાં સ્ત્રી સંબંધી બહુ કથા વાર્તા ન કરવી. સ્ત્રીના અંગમરોડ કે અમુક ભાગ સંબંધી ચર્ચા વાર્તા ન કરવી. કથા વારંવાર કરવાથી કે ચર્ચા કરવાથી પણ કામ ઉત્પન્ન થાય છે. તેથી અમુક સ્ત્રી વાંકી ચાલે છે કે અમુક સ્ત્રી રૂંગી છે કે અમુક સ્ત્રી પોતાની સામે કલાસમાં (વર્ગમાં) જોયા કરે છે, એવી વાતો પણ ન કરવી, કારણ કે તેવી વાતો પણ કામને ઉત્પન્ન કરે છે. જે રસ્તે જવું નહીં તેનું નામ પણ ન લેવું. એટલા માટે મૂળ વ્રતના રક્ષણ માટે આ વાડની યોજના બનાવવામાં આવી હોય એવું લાગે છે. ત્રીજી વાડમાં જે સ્થાન પર કુમારિકા બેઠેલી હોય તે સ્થાન પર કે તે બાંકડા ખુરશી કે સ્ટુલ ઉપર બે ઘડી સુધી બેસવુ નહિ. એવા સ્થાન પર બેસવાથી પણ કામોત્પત્તિ થાય છે અને તે વ્યક્તિ પરત્વે ભોગ ભોગવવાની ઇચ્છા થઈ આવે છે. એમ ન બને તેના રક્ષણ માટે આ વાડની યોજના થઈ હોય એમ

For Private And Personal Use Only

લાગે છે. ચોથી વાડ પણ શીયળના રક્ષણ માટે જ યોજાયેલી સ્પષ્ટ દેખાય છે. એમાં સ્ત્રીની તરફ કે તેના શરીરના કોઈપણ ભાગ તરફ ધારી ધારીને જોવાનો નિષેધ છે. સ્ત્રીની કોઈપણ ઇંદ્રિય તરફ ધ્યાન રાખીને જોવું તે કામ જાગૃતિ કરે છે અને તેટલા માટે ચોથી વાડમાં સ્ત્રીને ધારી ધારીને તેની કોઈપણ ઇંદ્રિય તરફ ધારી ધારીને જોવાનો નિષેધ ફરમાવવામાં આવેલ જણાય છે. સ્ત્રીઓના કુચસ્થળ કે છાતી અથવા તેના રૂપનું ધારી ધારીને જોવું તે આ કારણથી અટકાવેલું જણાય છે અને એ વાડના પાલનથી પોતાના વ્રતની દૃઢતા થાય છે. તેના રક્ષણ માટે આ વાડના પાલનનું ફરમાન અતિ ઉપયોગી છે અને આ કાળમાં પુરુષો અને સ્ત્રીઓ છૂટથી હળતી મળતી હોય છે તેવા કાળમાં તો તેની ઉપયોગિતા તો જરૂર જણાય છે. પાંચમી વાડમાં ભીંતની પડખે સ્ત્રી અને પુરુષ હોય તેની વાતચીત સાંભળવાનો પ્રયાસ ન કરવો અથવા એવી ભીંતને અંતરે સૂવું કે બેસવું નહિ. કામભોગ વાતનું શ્રવણ પણ કામભોગને પ્રેરે છે અને ભીંતની આરપાર અવાજ તો આવે છે તે બ્રહ્મચારી સ્વદારાસંતોષીએ સાંભળવો નહિ એવી રક્ષણ યોજના છે, તે વાત ખાસ વિચારવા લાયક છે. આટલા ઉપરથી કામભોગની વાતો બીજાની હોય તો પણ તે સાંભળવાનો સકારણ નિષેધ છે. છઠ્ઠી વાડમાં પોતે પૂર્વકાળમાં કામભોગ સેવ્યા હોય તે કદીપણ ન સંભારવા એમ ફરમાવવામાં આવ્યું છે, કારણ કે પૂર્વકાળમાં ભોગવેલ ભોગનું સ્મરણ પણ કામને ઉત્તેજન કરે છે અને પોતે સ્ત્રીનો પગ કેમ ખેંચ્યો અને તે કેવી રીતે શરમાઈ ગઈ વગેરે વાતો યાદ કરવી નહિ. આ પૂર્વના કામભોગ કરેલા હોય તેનું સ્મરણ કરવું તે પણ કામભોગને જગાડનાર હોઇ ખાસ નિષિદ્ધ છે, માટે પૂર્વે કરેલા કામભોગને પણ યાદ કરવા નહિ એમ શિયળના રક્ષણ માટે જણાવવામાં આવ્યું છે. આ બ્રહ્મચર્યપાલનની છઠ્ઠી વાડ થઇ. સાતમી વાડ (રક્ષા) ભોજનને અંગે ફરમાવવામાં આવી છે. બ્રહ્મચારીએ અતિ સ્વાદિષ્ટ ભોજન કરવું નહિ. સારો દૂધપાક ખાવાથી અથવા અતિ સ્વાદવાળું ભોજન, તીખાં તમતમતાં શાખો અથવા ભાવતું ફરસાણ ખાવાથી પણ કામોત્પત્તિ થાય છે. અતિ આહાર કરવાથી જરૂર કામ જાગ્રતિ થાય છે અને જેણે શિયળ પાળવું હોય તે સ્વદારાસંતોષીને માટે નિષિદ્ધ છે તે બહુ ખાનારના ભાવોનું અવલોકનનું પરિણામ છે. અતિ સ્નિગ્ધ ભોજનનું આ પરિણામ થાય છે અને કોઇ કોઈવાર તો તે મહા વ્યાધિની શરૂઆતનું કારણ બને છે. અને તે જ કારણે આઠમી વાડમાં અતિ ચાંપીને ખાવાનો નિષેધ છે. ખાવાની ભૂખ હોય તેથી ઓછું જમવું, પેટનો પા ભાગ ખાલી રાખવો એમ તો આજના દાક્તરો અને પ્રાચીન વૈદ્યો કહે જ છે એટલે વાત ખાસ ધ્યાનમાં રાખી આઠમી વાડને પોતાના અનુભવમાં લઈ તેનો ઉપયોગ કરવો એ બ્રહ્મચારી અને સ્વદારાસંતોષી માટે જરૂરી છે. (ચાલુ)

શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુષ્પદન્તકૃત મહાપુરાણ

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

અપભ્રંશ ભાષા અને સાહિત્ય :

સંસ્કૃત અને પ્રાકૃત એ આપણા આ ભારતવર્ષની બે પ્રશિષ્ટ (Classical) ભાષાઓ છે. એ બન્ને બહુ નિકટવર્તી–ગાઢ સંબંધ ધરાવે છે. વિશેષમાં એ બન્નેનો અભ્યાસ પરસ્પર પૂરક અને આવશ્યક છે.

સંસ્કૃત સાહિત્યને વિપુલતા, વિવિધતા અને સંરક્ષણનાં ક્ષેત્રમાં જે સૌભાગ્ય સાંપડ્યું છે તેનાથી પ્રાકૃત સાહિત્ય અમુક અંશે તો વંચિત રહ્યું જ છે એમ સામાન્ય રીતે મનાય છે. એ ગમે તે હો પણ એથી પ્રાકૃત સાહિત્યની ઉપયોગિતા ઘટતી નથી.

'અપભ્રંશ' એ પ્રાકૃત ભાષાનો એક અને અન્તિમ ગણાતો પ્રકાર છે. આપણી વિદ્યાપીઠોના અભ્યાસક્રમોમાં સંસ્કૃતને અને કાલાન્તરે પાલિને–પ્રાકૃતને જે સ્થાન મળ્યું છે તે અદ્યાપિ અપભ્રંશને મળ્યું નથી; પરન્તુ આ જે તો અપભ્રંશ સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે-પ્રકાશિત પણ થયું છે. તે જોતાં તેમ જ ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પણ એ મહત્ત્વનું છે, એ વિચારતાં એને સ્વતન્ત્ર સ્થાન સત્વર મળવું જોઇએ.

જીવનરેખા :

દિગમ્બર પુષ્પદન્ત એ અપભ્રંશના મહાકવિ છે. એઓ 'કાશ્યપ'–ગોત્રીય અને શિવભક્ત બ્રાહ્મણ કેશવ અને એની પત્ની મુગ્ધાદેવીના સુપુત્ર થાય છે. એઓ વીર ભૈરવ રાજાનો આશ્રય મેળવી શક્યા હતા પરન્તુ કોઈક કારણસર એ જતો કરી કંગાળ અવસ્થામાં લાંબી મુસાફરી કરી એઓ માન્યખેટ (આધુનિક માલખેડ) ગયા. એ સમયે ત્યાં 'રાષ્ટ્રકૂટ' વંશના કૃષ્ણ ત્રીજા નૃપતિ હતા અને સાહિત્યરસિક ભરત એમના સન્મન્ત્રી હતા. ઇન્દ્રરાજ અને અમ્માઇય નામના બે જણના આગ્રહથી પુષ્પદન્ત ભરતને મળ્યા. ભરતે એમનું સમુચિત અને પૂરેપુરું આતિથ્ય કર્યું અને કાલાન્તરે 'મહાપુરાણ' રચવા એમને વિનવ્યા.

મહાપુરાણનો પરિચય :

આનું પરિણામ તે 'અપભ્રંશ' ભાષામાં વીસ હજાર શ્લોકપ્રમાણક, ગેય પદ્યોમાં અનેકવિધ શબ્દાલંકારોથી અને અર્થાલંકારોથી વિભૂષિત સ્વરૂપે બે કટકે રચાયેલું અને સમસ્ત જૈનોને માન્ય એવા વિશિષ્ટ મહામાનવોના જીવનવૃત્તાન્તોને આનુષંગિક અન્યાન્ય સાહિ તીપૂર્વક રજૂ કરતું મહાપુરાણ છે. આનો પ્રારંભ ઋષભદેવને વંદનથી કરાયો છે. એની ધ્રુવપદરૂપ આદ્ય પંક્તિઓ દ્વારા કવિ કહે છે કે–

" सिद्धिवहूमणरंजणु परमणिरंजणु,
मुवणकमलसरणेसरु ।
पणविवि विग्घविणासणु,
णिरुवम सासणु-रिसहणाहु परमेसरु ॥ "

આગળ જતાં કવિ સુન્દર લલનાને અંગે પણ ઘટે એવાં વિશેષણો દ્વારા સરસ્વતીને પ્રણામ કરે છે. તેમ જ ઋષભદેવના શાસનદેવ ગોમુખને અને શાસનદેવી ચક્રેશ્વરીને સહાયક થવા પ્રાર્થના કરે છે.

પ્રસ્તુત મહાપુરાણમાં ૧૦૨ સન્ધિઓ અર્થાત્ પરિચ્છેદો છે. એ દરેકમાં ઓછાંવત્તાં કડવક (કડવાં) છે. સમગ્ર મહાપુરાણના બે ભાગ પડાય છે : (૧) આદિપુરાણ અને (૨) ઉત્તરપુરાણ. આ બન્ને ભાગ દ્વારા આ ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં આપણા આ દેશમાં થઈ ગયેલા ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરો, ભરતાદિ ૧૨ ચક્રવર્તીઓ, ત્રિપૃષ્ઠાદિ નવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસુદેવો કિંવા અર્ધચક્રીઓ, વિજયાદિ નવ બળદેવો અને અશ્વગ્રીવાદિ નવ પ્રતિવાસુદેવાદિ વિષે જૈન અને તેમાં પણ દિગમ્બરીય મંતવ્ય મુજબનું વિસ્તૃત નિરૂપણ છે. ઉપર્યુક્ત ૨૪ તીર્થંકરો પૈકી શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકરો તો એ જ ભવમાં પૂર્વાવસ્થામાં ચક્રવર્તી પણ હતા. વળી મહાવીરસ્વામી કેટલાક ભવ પૂર્વે ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ હતા. આથી પદવીની દૃષ્ટિએ ૬૩નું અને વ્યક્તિની ચાલુ ભવની અપેક્ષાએ ૬૦નું અને એના ભાષાંતરને પણ લક્ષ્યમાં લેતાં ૫૯નું અત્ર આલેખન છે. આમ હોઇ આ મહાપુરાણને તિસટ્ઠિમહાપુરિસગુણાલંકાર (ત્રિષષ્ટિ મહાપુરુષ ગુણાલંકાર) કહે છે. આ જાતનું સાહિત્ય આ પૂર્વે તેમ જ પછીથી પણ રચાયું છે. દિગંબર જિનસેનાચાર્યકૃત—આદિપુરાણ અને એમના વિદ્વાન વિનેય ગુણભદ્રાચાર્યે રચેલું ઉત્તરપુરાણ મળીને ઉદ્ભવતું સંસ્કૃત મહાપુરાણ પ્રસ્તુત મહાપુરાણથી વિશેષ પ્રાચીન અને સુપ્રસિદ્ધ છે.

શ્વેતામ્બર શીલાંકસૂરિએ વિ. સં. ૯૨૫માં પ્રાકૃતમાં ચઉપન્નમહાપુરિસચરિય (ચતુષ્પંચાશન્મહાપુરુષ ચરિત્ર) રચ્યું છે. એમાં નવ પ્રતિ વાસુદેવોની પૃથક્ ગણના કરાઇ નથી. બાકી આ પણ ૬૩ પદવીધરોને લગતો ગ્રન્થ છે.

વિ. સં. ૧૨૨૦ ના અરસામાં 'કલિકાલસર્વજ્ઞ' તરીકે નિર્દેશાતા હેમચન્દ્રસૂરિએ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર રચ્યું છે. આપણા કવિ પુષ્પદન્તે તો આ પૂર્વે એટલે કે શકસંવત્ ૮૮૧ (વિ. સં. ૧૦૧૬)માં મહાપુરાણનો પ્રારંભ કરી શકસંવત્ ૮૮૭ (વિ. સં. ૧૦૨૨) માં એ પૂર્ણ કર્યું હતું. ૩૭ સન્ધિવાળા આદિપુરાણમાં એમણે આદિમ તીર્થંકર ઋષભદેવનો અને એમના સુપુત્ર ભરત ચક્રવર્તીનો વૃત્તાન્ત રજૂ કર્યો છે, જ્યારે બાકીના મહાપુરુષોને લગતી હકીકત ૬૫ સંધિમાં ઉત્તરપુરાણમાં એમણે આપી છે. આ ઉત્તરપુરાણના બે મુખ્ય અંશો તરીકે પદ્મપુરાણ અને હરિવંશ પુરાણનો ઉલ્લેખ કરાય છે. જૈનો સીતાપતિ રામચન્દ્રને 'પદ્મ' તરીકે સંબોધે છે એટલે પદ્મપુરાણ એ જૈન રામાયણ છે. એમાં હનુમાનનો વૃત્તાન્ત પણ અપાયો છે. વાસુદેવ કૃષ્ણ અને એમના પિત્રાઇ બાવીસમા તીર્થંકર નેમિનાથ વગેરે 'હરિ' વંશના છે. આથી આ હરિવંશપુરાણમાં એ બન્નેનું તેમ જ પાંચે પાંડવોનું ચરિત્ર આલેખાયું છે. આમ આ એક પ્રકારનું મહાભારત છે.

આદિ પુરાણ રચ્યા બાદ પુષ્પદન્તે આગળ ચલાવવાનું માંડી વાળ્યું હતું. એવામાં સરસ્વતી દેવી સ્વપ્નમાં આવી. એની સૂચનાથી અને ભરત મન્ત્રીની અભ્યર્થનાથી કવીએ ઉત્તરપુરાણ રચવાની શરૂઆત કરી. પોતે દુર્જનોના ત્રાસથી અસ્વસ્થ બન્યાનો અત્ર એમણે ઉલ્લેખ કર્યો છે. દુર્જનોની દરકાર નહિ કરવા અને જીવન ચંચલ છે ઇત્યાદિ વચનો દ્વારા કવિવરને કાર્ય પૂરું કરવા ભરત સમજાવી શક્યા આથી એમણે પંચપરમેષ્ઠીને પ્રણામ કરવા પૂર્વક ઉત્તરપુરાણ રચ્યું.

મહાપુરાણના ઉપાન્ત્ય કડવામાં કવિ પુષ્પદન્તે મેઘની વૃષ્ટિ અને ધાન્યની પ્રચુરતા હો એવી મંગલકારી ભાવના વ્યક્ત કરી છે. વિશેષમાં એમણે પોતાના અનન્ય આશ્રયદાતા સન્મન્ત્રી ભરતને તથા એમના નન્નાદિ પુત્રોને અને પૌત્રોને તેમ જ સદ્ગુણી જનોને શાન્તિ ઇચ્છી છે.

અંતિમ કડવામાં એમણે પોતાનો વિસ્તૃત પરિચય આપતાં પોતાને સિદ્ધિરૂપ વિલાસિનીનો મનોહર દૂત કહી પોતાની સમદર્શિતા, નિષ્કારણ મિત્રતા, સરસ્વતી વિલાસિતા, અકિંચનતા, પાપોથી અલિપ્તતા, પુત્ર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલત્રની વિહીનતા તથા વલ્કલાદિધારિતાનો ઉલ્લેખ કર્યો છે. અન્તમાં એમણે પંડિત પંડિત મૃત્યુની અભિલાષા દર્શાવી છે.

સાહિત્યનાં અંગો અને કવિવરો :

આ કવિએ પ્રથમ સન્ધિના નવમા કડવામાં પોતાને નિરક્ષર અને કુક્ષિમૂર્ખ તરીકે ઓળખાવતી વેળા ન્યાય, દર્શનો–મતો, સંગીત, નાટ્ય, વ્યાકરણ, ઇતિહાસ, પુરાણ, કાવ્યો, સિદ્ધાન્ત, અલંકાર અને છંદરૂપ વિષયોના કેટલાકના સિદ્ધહસ્ત લેખકોનો ઉલ્લેખ કર્યો છે. આ પ્રસંગે પુરોગામી કવિવરો તરીકે ભાવાધિક ભારવિ, ભાસ, વ્યાસ, કોહલ (કુષ્માંડ), કાલિદાસ, ચતુર્મુખ, સ્વયમ્ભૂ, શ્રી હર્ષ, દ્રોણ, ઇશાન અને બાણનો અને સિદ્ધાન્તના–આગમના ગ્રન્થો તરીકે ધવલ અને જયધવલનો નિર્દેશ કર્યો છે વળી વ્યાકરણ વિષયક ધાતુ, લિંગ, ગણ, સમાસ, કર્મ, કરણ, ક્રિયાનિવેશ, સંધિ, કારક, પદની સમાપ્તિ અને વિભક્તિથી પોતે અપરિચિત છે એમ અહીં કહ્યુ છે. ૮૧મી સન્ધિમાં વિવિધ સમાસો, સુબન્ત અને તિઙન્તથી પોતે અનભિજ્ઞ હોવાનું કથન કર્યું છે.

ઉદ્‌ઘોષણાની બીજી બાજુ :

આ પ્રમાણેની પોતાની અલ્પજ્ઞતાની ઉદ્‌ઘોષણા કરી આ કવિ એક તરફથી પોતાની વિનમ્રતા પ્રદર્શિત કરે છે તો બીજી બાજુ મહાપુરાણની સાંગોપાંગ રચનાની સફળતા જોઇને જાણે પ્રેરાયા ન હોય તેમ મહાભારતકાર વ્યાસની પેઠે ‘ જે આ જૈન ચરિતમાં છે તે. અન્યત્ર નથી ’ એવાં વચન ઉચ્ચારે છે. આને અંગેનું પદ્ય એ છે કે,

“ अत्र प्राकृतलक्षण नि सकला,
नीतिः स्थितिश्छन्दसा–
मर्थालङ्कृतयो रसाश्च विविधा,
स्तत्त्वार्थ निर्णीतयः ॥
किञ्चान्यद् यदिहास्ति जैन चरिते,
नान्यत्र तद् विद्यते
द्वावेतौ भरतेश–पुष्पदशनौ,
सिद्धं ययोरीदृशम् ॥ ”

આ પદ્ય પસ્તુત મહાપુરાણ રચાયા બાદ એની કોઇ કોઇ સંધિના પ્રારંભમાં જે ૪૨ પદ્યો સંસ્કૃતમાં અને ૬ પ્રાકૃતમાં એમ એકંદર ૪૮ પ્રશસ્તિરૂપે આપણા આ અપભ્રંશના મહાકવિએ રચ્યાં છે તેમાં એ ૩૭મું છે અને એને ૫૯મી સન્ધિના પ્રારંભમાં સ્થાન અપાયું છે.

કૃતિ કલાપ :

પોતાનો ખંડ, અભિમાનમેરુ, કાવ્યપિશાચ ઇત્યાદિ રૂપે નિર્દેશ કરનારા આ કવિવરે નાયકુમારચરિઉ અને જસહર ચરિઉ નામની બે કૃતિઓ અપભ્રંશમાં રચી છે. મહાપુરાણને અંગે ટિપ્પણો, શિવમહિમ્ન સ્તોત્ર, દેશ્ય શબ્દોનો કોશ તેમ જ આદ્ય આશ્રયદાતાના રાજ્યમાં કોઇક કાવ્ય એમણે રચ્યાનું કોઈ કોઈ વિદ્વાન સૂચવે છે. એક વિદ્વાને તો ગણિતતિલક વગેરેના પ્રણેતા શ્રીપતિના પુષ્પદન્ત કાકા થાય છે એવી કલ્પના કરી છે.

અન્તમાં સૂર્યના જેવી તેજસ્વિતા–પ્રખરતા અને ચન્દ્રના જેવી શીતલતાના સુભગ સમાગમરૂપ પ્રકૃતિનો ધારક પુષ્પદન્તને અને એમની વિદ્વત્તાને તેમ જ શ્રેયસ્કર સાહિત્ય અને સંસ્કૃતિને ગૌરવાંકિત કરનારા ભારતીય તથા અભારતીય વિબુધવરોને વિનમ્ર ભાવે વન્દન કરનો હું આ વાર્તાલાપ પૂર્ણ કરું છું. જયહિન્દ.

(આકાશ વાણીના સૌજન્યથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાન (૬)

—દીપચંદ જીવણલાલ શાહ

જપ અને ધ્યાન શા માટે?

આંતરપ્રકાશનું સ્થાન આપણી પોતાની ચેતના છે. આપણી અંદર આ પ્રકાશ વસે છે. આપણે તેને વિષે માત્ર સભાન જ બનવાનું છે. આ પ્રકાશ જાણવા માટે દીલની સાચી અભીપ્સાની જરૂર છે. આ પ્રકાશ મનુષ્યને પવિત્ર બનાવે છે.

આપણે આંતરિક પ્રકાશને જોવાને માટે કશી પરવા રાખી નથી. આપણે આપણી ચેતનાના સૌથી નીચલા થર પર હોઇએ છીએ ત્યારે આપણુને વધુ સલામતી લાગે છે, વધારે આરામ લાગે છે, અને જ્યારે ચેતનાને જાગૃત કરવાની હોય છે ત્યારે મુશ્કેલીઓ ભેટવાની આવે છે અને એ કારણે પણ આપણે ચેતના તરફ દ્રષ્ટિ વાળતા નથી.

માણસ પોતે દેખાય છે તેટલો અથવા પોતાને માને છે તેટલો બધો તે અજ્ઞાત અને નિરાધાર નથી. માણસની અંદર એક તણખો એક સ્ફુલિંગ રહેલો છે જાણે કે રાખની અંદર છુપાયેલો આ તણખો બહાર આવીને સક્રિય થવા માટેના સમયની રાહ જોઈ રહ્યો હોય છે. આ તણખો તે આંતરપ્રકાશ. તે પ્રકાશ તમને સાચી દિશા પ્રત્યે આંગળી ચીંધે છે, ખોટી દિશા સામે ચેતાવે છે. આ એક જ્ઞાનનો ઝબકારો છે, સામાન્ય રીતે આપણે તેના તરફ ધ્યાન રાખતા નથી, આપણુ ધ્યાન તો બીજી વસ્તુઓ તરફ વળેલું હોય છે પણ આપણે જો એ પ્રકાશ તરફ નજર નાખીશું, આપણે જો સાચા દિલથી તે તરફ મુખ ફેરવી તેની માંગણી કરશું તો આપણને જણાશે કે એ પ્રકાશ ત્યાં બેઠેલો જ છે. આ આંતરપ્રકાશ (આત્મપ્રકાશ)ને જાણવા માટે તમે પ્રયત્ન આરંભશો અને ખરેખર જો ગંભીર હશો તો તમે જોશો કે તમારી દ્રષ્ટિ વધુ ને વધુ સ્પષ્ટ બનતી જશે. આપણે સત્યની આસપાસ અવિદ્યાનું એક જાળું વણતા રહીએ છીએ તેથી સત્યનું સીધેસીધું જ્ઞાન થતું નથી.

માનવનું મન ભલે આડે માર્ગે ચડી ગયેલું હોય, દિશા ભૂલી ગયેલું હોય પણ એ કોઈ પણ વખતે જો જાગૃત થઈ જશે અને સાચા દિલથી સત્યને શોધવા લાગશે તો સત્ય તેને જરૂર મળી આવશે. આપણને સત્યનો જ્યારે સ્પર્શ થાય છે ત્યારે આપણને રાહતની લાગણી અનુભવાય છે અને આપણને શાંતિનો, કોઈ નિર્મળ શાંત આનંદનો અનુભવ થાય છે.

જે આત્મામાં જ્યારે અભીપ્સા જાગી હોય છે અને જેને સાચેસાચ સત્યના દર્શન કરવાં હોય છે તેની આગળ સત્ય પોતે જ પોતાનું સ્વરૂપ ખોલી આપે છે. એકાદ દિવસ એકાંતમાં શાંત બેઠા હો ત્યારે જાણે કે એક ઝબક દઈને તમને જણાઈ આવે છે કે તમારે કરવાની ખરી વસ્તુ તો આ જ છે. તમે જો ખરેખર સત્ય માંગતા હશો, તમારામાં જો સાચું વલણ હશે તો તમને હંમેશાં સાચી વસ્તુ જ આવી મળશે. જે માણસ સાચો નથી હોતો અથવા જેને સાચા થવાની ઈચ્છા નથી એવા માટે જ મુસીબત ઉભી થાય છે. જપ, તપ, ધ્યાન, સ્વાધ્યાય અને પ્રાર્થના આ સાચી દિશા બતાવે છે માટે જપ, તપ, ધ્યાન, સ્વાધ્યાય અને પ્રાર્થના દરેક સંસારી મનુષ્યે દિવસના ઓછામાં ઓછી ૪૮ મીનીટ એક આસને બેસીને કરવી જોઇએ. દિવસની શરૂઆતમાં એટલે સૂર્યોદય સમયે આ પ્રમાણે કરવાથી દરેક મનુષ્ય પોતાના જીવનમાં અમુક પ્રમાણમાં શાંતિ અનુભવી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાન એ અષ્ટાંગ યોગનું સાતમું અંગ છે

यमनियम आसन जयकारी. प्राणायाम अभ्यासी।
प्रत्याहार धारणाधारी ध्यान समाधि समासी ॥

મહાત્મા આનંદઘનજીએ છઠ્ઠા પદમાં યોગના આઠ અંગો વિશે ઉપર પ્રમાણે લખ્યું છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામનો અભ્યાસ કરી પ્રત્યાહાર અને ધારણા ધારણ કરી તું ધ્યાન અને સમાધિમાં લીન થઈ જશે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન એ પાંચ નિયમ છે. આસન મુખ્યત્વે બે પ્રકારના છે, પર્યંકાસન અને પદ્માસન. પ્રાણવાયુનો આયામ એટલે રોધ કરવો તેને પ્રાણાયમ કહે છે. રેચક, પૂરક અને કુંભક એમ પ્રાણાયામ ત્રણ પ્રકારના છે. સાધારણ રીતે પૂરકથી ચારગણો વખત કુંભક અને બમણો વખત રેચકમાં લગાડવો જોઇએ. અને પૂરક, કુંભક અને રેચકનો સમય ધીમે ધીમે વધારતાં જવો જોઇએ. પ્રાણ અને મનને ગાઢ સંબંધ છે તેથી પ્રાણાયાગ કરવાથી મન પર કાબુ આવે છે, ખાસ કરીને વધારે સમય કુંભક કરવાથી મન ચાલત થતું નથી પણ કુંભકને લીધે કાર્બન ડાયોકસાઈડ નામનો અશુદ્ધ વાયુ શરીરમાં રહે છે તેથી નુકશાન થાય છે. કોઈવાર સાધકને મગજનો દુઃખાવો લાગુ પડે છે અથવા સાધક મગજ પરનો કાબુ ગુમાવી દે છે, તેથી કુંભક વગેરે કરતાં ગુરૂની ખાસ જરૂર છે. પ્રત્યાહારથી ઇંદ્રિયો પર જય થાય છે. ધારણામાં ચિત્તને એક ધ્યેય પર ધારણ (સ્થિર) કરવાનું હોય છે. ધારણા બે પ્રકારની છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય પદાર્થમાં મૂર્ત્તિ અને અભ્યંતર પદાર્થમાં હૃદયકમળ, નાભિ-કમળ વગેરેમાં ચિત્ત (મન)ને એકાગ્ર કરવાનું હોય છે. ધારણામાં એક ધ્યેય પર ચિત્તને એકાગ્ર કરવાનું હોય છે અને તેમાં એકાકાર પ્રવાહ ચાલે ત્યારેતેને ધ્યાન કહે છે. ધ્યાનમાં એ પ્રવાહ સતત રીતે ચાલતો નથી, તેમાં વચ્ચે વિચ્છેદ પડી જાય છે. જ્યારે એ વિચ્છેદ બંધ પડી જઇ સતત પ્રવાહ ચાલે છે ત્યારે તેને સમાધિ કહે છે.

માનસિક સ્થિરતા (એકાગ્રતા) પ્રાપ્ત કરવા માટે ધ્યાન એક સાધન છે

મનની ત્રણ અવસ્થાઓ છે. (૧) ચિત્તરૂપ, (૨) અનુપ્રેક્ષારૂપ, (૩) ધ્યાનરૂપ.

મન જ્યારે ક્ષણમાં એક વિષય પર પછી બીજા વિષય પર પછી ત્રીજા વિષય પર એમ એક પછી એક વિષય ગ્રહણ કરતું હોય છે ત્યારે તેને મનની ચિત્તરૂપ અવસ્થા કહે છે. જ્યારે મનની વૃત્તિઓનો પ્રવાહ એક વિષયમાં વહી રહ્યો હોય છે ત્યારે તેને મનની અનુ-પ્રેક્ષારૂપ અવસ્થા કહે છે. જ્યારે મનની વૃત્તિઓ કોઈ એક જ વિષય પર એકાગ્ર થઈ જાય છે ત્યારે તેને મનની ધ્યાનરૂપ અવસ્થા કહે છે.

ધ્યાનના મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) અશુભધ્યાન, (૨) શુભધ્યાન. જ્યારે મનની એકાગ્રતા કોઈ અશુભ વિષય પર થતી હોય છે ત્યારે તેને અશુભધ્યાન કહે છે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ અશુભધ્યાનના બે પ્રકાર છે. જ્યારે મનની એકાગ્રતા કોઈ શુભ વિષય પર થતી હોય છે ત્યારે તેને શુભધ્યાન કહે છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન. તેના બે પ્રકાર છે. અશુભધ્યાનથી કર્મનો બંધ થાય છે અને શુભધ્યાનથી કર્મની નીર્જરા થાય છે.

આર્તધ્યાનના ચાર પ્રકાર છે. (૧) અનિષ્ટ સંયોગ, (૨) ઇષ્ટ વિયોગ, (૩) રોગ ચિંતા, (૪) અગ્રશોચ.

(૧) અગ્નિ, સર્પ, સિંહ વગેરેનો મેળાપ, શત્રુનો સમાગમ, ધન, અથવા પ્રાણનાશ કરનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસંગો પ્રાપ્ત થાય તે વખતે તે દૂર કરવાના ચિંતવનને અનિષ્ટ સંયોગ આર્તધ્યાન કહે છે.

(૨) સ્ત્રી, પુત્ર, મિત્ર, અધિકાર વગેરે ઇષ્ટ વસ્તુઓનો વિયોગ થતી વખતના દુર્ધ્યાનને ઇષ્ટ વિયોગ આર્તધ્યાન કહે છે.

(૩) શરીરને અનેક જાતના વ્યાધિ થાય તેને દૂર કરવા માટેના દુર્ધ્યાનને રોગ ચિંતા આર્તધ્યાન કહે છે.

(૪) ભવિષ્યમાં મારૂં શું થશે એવી ચિંતાને અગ્રશોચ આર્તધ્યાન કહે છે.

ક્રૂર આશયથી ઉત્પન્ન થતા ધ્યાનને રૌદ્રધ્યાન કહે છે. રૌદ્રધ્યાનના ચાર પ્રકાર છે.

(૧) હિંસાનંદી, (૨) મૃષાનંદી, (૩) ચૌર્યાનંદી, (૪) સંરક્ષણાનંદી.

(૧) અન્યના પ્રાણ વગેરે લેવાના ક્રૂર પરિણામના ચિંતનને હિંસાનંદી રૌદ્રધ્યાન કહે છે.

(૨) અસત્ય વાણીથી સામા પ્રાણીને છેતરવા માટે જે ચિંતન કરવામાં આવે તેને મૃષાનંદી રૌદ્રધ્યાન કહે છે.

(૩) પારકી વસ્તુ ઉપાડી લેવામાં ચતુરાઈ, ચોરી વગેરે કરવાની રીતનો ઉપદેશ તે ચૌર્યાનંદી રૌદ્રધ્યાન કહે છે.

(૪) સંરક્ષણાનંદી ધ્યાનમાં પોતાની મિલ્કતનું કેવી રીતે રક્ષણ કરવું તેની મનુષ્ય વિચારણા કરે છે.

આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે જે જે વિચારો કરવા, જે જે નિર્ણયો કરવા અને મન પર શુભ સંસ્કારો પાડવા તેને ધર્મધ્યાન કહે છે ધર્મધ્યાનથી ચિત્ત શુદ્ધ થાય છે તથા કર્મજનિત વિકારો ઓછા થાય છે.

ધર્મધ્યાનના ચાર પ્રકાર છે (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય, (૪) સંસ્થાનવિચય.

(૧) સર્વજ્ઞ(તીર્થંકર ભગવાન)ની આજ્ઞા પ્રમાણે તત્વથી અર્થોનું ચિંતવન કરવું તેને આજ્ઞાવિચય ધર્મધ્યાન કહે છે. (૨) રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોથી ઉત્પન્ન થતા અનિષ્ટોનું ચિંતન કરવું તે ધ્યાનને અપાયવિચય ધર્મધ્યાન કહે છે. (૩) આઠ કર્મના વિપાકનો વિચાર કરવારૂપી ધ્યાનને વિપાકવિચય ધર્મધ્યાન કહે છે. (૪) ચૌદ રાજલોકની આકૃતિનું ચિંતનરૂપી ધ્યાનને સંસ્થાનવિચય ધ્યાન કહે છે.

શુકલધ્યાન યોગીઓ અને સાધુઓ જ કરી શકે છે.

ધ્યેય એટલે ધ્યાનનું આલંબન. તેના ચાર પ્રકાર છે. (૧) પિંડસ્થ, (૨) પદસ્થ, (૩) રૂપસ્થ અને (૪) રૂપાતીત. જુદા જુદા ધ્યેયને લીધે ધ્યાનના ચાર પ્રકાર છે. (૧) પિંડસ્થ ધ્યાન, (૨) પદસ્થ ધ્યાન, (૩) રૂપસ્થ ધ્યાન અને (૪) રૂપાતીત ધ્યાન.

પદસ્થ ધ્યાન અમુક પદોનું જપપૂર્વક ધ્યાનને પદસ્થ ધ્યેયનું ધ્યાન કહે છે. વળી પદ એટલે અધિકાર–પદવી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ આ પાંચ પદવીઓ છે. તે પદવીધરોનું ધ્યાન કરવું તેને પદસ્થ ધ્યાન કહે છે.

પદસ્થ ધ્યાન :

(૧) શરૂઆતમાં કાળા પાટીયા પર નવકારના નવ પદો ચોકથી લખવા, પછી આ અક્ષરો એક નાનું બાળક વાંચતુ હોય તે રીતે ૬૮ અક્ષરો એક પછી એક એમ ધીમે ધીમે વાંચવા અને જે અક્ષરો વંચાતા હોય તેના પર જ નજર રાખવી. થોડા દિવસ પછી આંખો બંધ કરીને અક્ષરો વાંચવાનો યત્ન કરવો તે વખતે પાટીયા પર અક્ષરો હોય તેવો આભાસ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) ત્યાર પછી અક્ષરો લખેલું પાટીયું છે એમ ધારવું અને આંખો બંધ કરીને તે અક્ષરો ધીમે ધીમે વાંચતા હોઇએ તેમ ધ્યાન ધરવું.

(૩) ત્યાર પછી ભગવાનની પ્રતિમા સામે નજર રાખવી. તે વખતે નવકારમંત્રનો જપ કરવો, પછી આંખો બંધ કરી પ્રતિમા સામે નજર રાખવી અને પ્રતિમા જોતા હોઈએ તેમ ધારી નવકારમંત્રનો જાપ કરવો.

(૪) ત્યાર પછી ભગવાનની પ્રતિમા સામે નજર રાખવી અને તે વખતે સિદ્ધચક્રના નવપદનો જપ કરવો. પછી આંખો બંધ કરી પ્રતિમા સામે નજર રાખી જાણે પ્રતિમા જોતાં હોઇએ તેમ ધારી સિદ્ધચક્રના નવપદનો જાપ કરવો.

(૫) ત્યાર પછી તમારા હ્રદયમાં એક આઠ પાંખડીવાળુ કમળ ચિંતવો અથવા તમારી સામે આંખો બંધ કરી એક આઠ પાંખડીવાળુ કમળ ચિંતવો. અને તેમાં સિદ્ધચક્રના નવપદ સ્થાપન કરો એટલે કે કમળની મધ્યમાં નમો અરિહંતાણં, ઉપર નમો સિદ્ધાણં, જમણી બાજુએ નમો આયરિયાણં, નીચે નમો ઉવજ્ઝાયાણં, ડાબી બાજુએ "નમો લોએસવ્વ સાહૂણં," અને ચાર ખુણે નમો દર્શનસ્સં, નમો નાણસ્સ, નમો ચારિત્રસ્સ, નમો તવ્વસ્સ. હવે તે નવપદોનો જાપ આંખો બંધ કરીને એક એક પદ પર ધ્યાન રાખી ચાલુ કરો. અક્ષરોને બદલે મૂર્તિઓ પણ ધારી શકાય છે. અરિહંત ભગવાનની મૂર્તિ શ્વેત, સિદ્ધ ભગવાનની મૂર્તિ લાલ, આચાર્ય મહારાજની મૂર્તિ પીળી, ઉપાધ્યાયની મૂર્તિ લીલી અને સાધુની મૂર્તિ કાળી હોય છે. નમો દંસણસ્સ, નમો નાણસ્સ, નમો ચારિત્રસ્સ અને નમો તવસ્સ એ બધા અક્ષરો શ્વેત રંગના હોય છે પણ ધ્યાન એ રાખવું કે મૂર્તિઓ અને અક્ષરો એક સાથે હોવા જોઇએ નહિ. શરૂઆતમાં તે કમળમાં રહેલ મૂર્તિ કે પદ પર દ્રષ્ટિ રાખવી. જાપ, તેનો અર્થ અને તેના વર્ણ પર એક સાથે ધ્યાન રાખવાનું શરૂઆતમાં કઠણ છે. મન બરાબર એકાગ્ર થયા પછી સાધકને આ નવે પદોના અક્ષરોમાંથી પ્રકાશની રેખાઓ બહાર નીકળતી હોય તેમ દેખાશે.

(૬) નવકારમંત્રને હ્રદયકમળની મધ્યમાં અને આઠ પાંખડીઓમાં હોય તેમ ચિંતવો અથવા તમારી સામે આઠ પાંખડીવાળુ કમળ ચિંતવો. આંખો બંધ કરી જાપ કરો. જાપ કરતી વખતે તે પદોના અર્થ વિચારો.

(૭) નાસિકાના અગ્રભાગ પર દ્રષ્ટિ રાખી સિદ્ધચક્રના પદોનો અથવા નવકારના પદોનો પણ જાપ કરો.

વળી મંત્રપદોના અર્થપૂર્વક ધ્યાન કરવું તેને પદસ્થ ધ્યાન કહે છે. શરૂઆતમાં થોડા દિવસ નવકારવાળીથી જાપ કરવો, પછી નંદાવર્ત અને શંખાવર્તથી જાપ કરવો. નંદાવર્તથી બાર સુધીની સંખ્યા જમણા હાથે ગણવી અને શંખાવર્તથી નવ સુધીની સંખ્યા ડાબા હાથે ગણવી. એમ બાર સુધીની સંખ્યાને નવ વખત ગણતાં ૧૦૮ ની સંખ્યા થશે અને બાર નવકાર પુરા થશે

ડાબા હાથે શંખાવર્ત		જમણા હાથે નંદાવર્ત	
આંગળીના વેઢા	ટચલી આંગળી	ટચલી આંગળી	આંગળીના વેઢા
૩ ૪ ૫	૦	૩	૪ ૫ ૧૨
૨ ૯ ૬	૦	૨	૭ ૬ ૧૧
૧ ૮ ૭	૦	૧	૮ ૯ ૧૦

પદસ્થ ધ્યાનની શરૂઆત કરનારે એક મણકે એક નવકાર ગણવાનો નથી પણ નવકારવાળીના એક મણકે નવકારનું એક પદ ગણવાનું છે. એક નવકાર ગણતાં લગભગ આઠ સેકંડનો સમય લેવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગ, દ્વેષ, મોહ વગેરે વિકારોથી અકલંકિત, શાંત, મનોહર યોગમુદ્રાથી શોભાયુક્ત અને જેમની આંખોમાંથી વિપુલ આનંદનો પ્રવાહ વરસી રહ્યો છે તેવા તીર્થંકર ભગવાનની મૂર્તિને નિર્મળ મનથી અને અનિમેષ દ્રષ્ટિએ. શરૂઆતમાં તિર્થંકર ભગવાનની આખી મૂર્તિનું ધ્યાન ન થઈ શકે તો મૂર્તિના પગના અંગુઠાથી શરૂ કરી બાકીના અવયવોનું જ્યાં સુધી આખી મૂર્તિ આંખો બંધ કરી ન બતાય ત્યાંસુધી ધ્યાન કરવું.

અરિહંત ભગવાનના રૂપને અવલંબીને કરેલા ધ્યાનને **રૂપસ્થ** ધ્યાન કહે છે. અરિહંત ભગવાનને ચાર મુખ છે, ચંદ્રની કાંતિવાળા જેમને ત્રણ છત્ર છે. દિવ્ય દુદુભિઓ વડે જેમની સંપત્તિનો ઘોષ થઇ રહ્યો છે. જેમનું સિંહાસન અશોક વૃક્ષ નીચે છે; જેમને ચામરો ઢોળાઇ રહ્યા છે; દેવતાઓના મુકુટમણિઓથી જેમના પગના નખ પ્રતિબિંબિત થઈ રહ્યા છે, દિવ્ય પુષ્પોના સમૂહથી જેમના પરિષદની જમીન ઢંકાઇ રહી છે; જેમના મધુર અવાજનું પાન મનુષ્યો અને તિર્યંચો કરી રહ્યા છે અને જેમની સમીપમાં સહજ વેર ભુલીને હાથી અને સિંહ બેઠા છે અને જેઓ કેવળજ્ઞાનથી પ્રકાશિત છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની જુદી જુદી ધ્યાનની પદ્ધતિઓ :

(૧) સવારમાં જાગૃત થાઓ તે વખતે વિચાર કરો કે તમે કોણ છો ? શરીર, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે તમે નથી; તમારા શરીરને મડદા તરીકે ગણો, પ્રાણ તેને હલાવે ચલાવે છે. શરીર જન્મ લે છે અને મૃત્યુ પામે છે, તેથી શરીરમાં અહંભાવ (મારાપણાનો ભાવ) રાખવો તેનું નામ અજ્ઞાન છે. આ શરીર "હું" છું તે વિચારનો ત્યાગ કરો. દેહમાં કોઈપણ જાતનો અહંભાવ ન રાખો. આ મેં કર્યું છે તેવો ગર્વ પણ ન કરો. અંતરમાં હું "આત્મા છું", શરીર, મન વગેરેથી જુદો છું, શરીર જન્મ લે છે અને નાશ પામે છે તેથી તેમાં અહંભાવ રાખવો તે અજ્ઞાન છે.

(૨) તમારા દેહને મડદું સમજો, તમારી પાછળ તમારી સ્ત્રી, તમારો પુત્ર અને તમારા મિત્રો રડે છે તે કોને માટે તે સંબંધી વિચાર કરો, રાગ-દ્વેષ, શત્રુ-મિત્ર વગેરે દ્વંદ્વો શરીર તથા અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારના છે, તમારે તેમની સાથે લેવાદેવા નથી. તમે તો આ બધાથી અલગ છો એનું ધ્યાન ધરો.

(૩) તમે તમારા ઘરમાં શાંત અને એકાંત સ્થળે આસન પર બેસો પછી કોઇ મનપસંદ જગ્યાએ મનને મોકલો અને તે જગ્યાના દૃશ્યને જોયા કરો.

(૪) એકાંતમાં બેસી મનની વૃત્તિઓ સાક્ષીભાવથી તપાસો. ૐનો માનસિક જપ કરો. આત્માનું ધ્યાન ધરો, હું કોણ છું એમ પુછ્યા કરો.

(૫) આ વાંચુ, આ જોઉં, આ ખાઉં, તે ખાઉં, આમ દાન કરૂં તેમ દાન કરૂં, આમ ઉપદેશ કરૂં તેમ ઉપદેશ કરૂં, આમ સેવા કરૂં તેમ સેવા કરૂં વગેરે વગેરે બધા મનના ધખારા છે તેમાં કંઈ મેળવવાનું છે જ નહિ. હું પોતે જ શાંત સ્વરૂપ છું, હું સત્ચિદ્ આનંદમય છું, મારામાં હર્ષ-શોક, રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ દ્વંદ્વો છે નહિ. દેહ આદિ તરફ નજર કરૂં છુ ત્યારે શોક, દ્વેષ, દુઃખ ચારે તરફથી ઘેરી લે છે એવું ધ્યાન ધરો.

કેવળ નમો અરિહંતાણં અથવા ૐઅર્હનમઃ મંત્ર પર ચિત્ત સ્થિર કરીને શ્વાસોશ્વાસ આકલન સહેલાઈથી થઇ શકે તો સારૂં, નહિ તો ગણના, અનુબંધના, સ્પર્શ અને સ્થાપનાનો પ્રયોગ કરવો. ગણના એટલે લાંબા કે ટુંકા શ્વાસોશ્વાસની ગણતરી. ટુંકા શ્વાસોશ્વાસ (નાડીના ધબકારા) શરૂઆતમાં દસ કરતાં વધારે કે પાંચ કરતાં ઓછા ગણવા નહિ. દશ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધારે ગણવાથી મન ફક્ત ગણતરી પર ધ્યાન રાખે છે અને પાંચ કરતાં ઓછા ગણવાથી મન સ્થિર રહેતું નથી માટે દશ અને પાંચની વચ્ચેનો સગવડવાળો આંક લઇને સાવધાનીથી ગણના કરવી. ગણના વડે મન અમુક અંશે સ્થિર થવા લાગે ત્યારે ગણતરી છોડી દઈને કેવળ શ્વાસોશ્વાસ સાથે મન અંદર અને બહાર જતું આવતું રહે એવો યત્ન કરવો તેને અનુબંધના કહે છે. સ્પર્શ એટલે નાસિકાના અગ્રભાગ પર જે જગ્યાએ શ્વાસ અને ઉશ્વાસ અથડાય છે તે જગ્યાએ ધ્યાન રાખવાથી મન (ચિત્ત)ની એકાગ્રતા સુલભ થાય છે. આ પ્રમાણે શ્વાસોશ્વાસ પર ચિત્તની એકાગ્રતા કરવાના કાર્યને સ્થાપના કહે છે. આ વખતે લાંબા શ્વાસોશ્વાસ લેવાથી ચિત્ત (મન) એકાગ્ર થાય છે. આ ક્રિયા વગર પ્રયત્ને થવી અશક્ય છે; માટે સતત પ્રયત્ન કર્યા સિવાય આ શ્વાસોશ્વાસની ક્રિયા સાધ્ય થઈ શકતી નથી. બની શકે તો આ ક્રિયા એકાંતમાં શાંત સ્થળે પક્ષીઓ ગાન કરતાં હોય, પાસે નદી ખળખળ વહેતી હોય, તેવી જગ્યાએ થાય તો જરૂર આ ક્રિયા સાધ્ય થઈ શકે છે. વળી આ ક્રિયાનો આરંભ કરનારાઓએ અગાઉ થઈ ગયેલા યોગીઓના અનુભવો વાંચી તથા સમજીને અને પોતાની કઇ કઈ મુશીબતો છે તે મુશીબતો કેવી રીતે દૂર થઈ શકે તે સંબંધી પ્રયત્ન કરો. બની શકે તો યોગીઓ પાસેથી તે મુશીબતોને કેવી રીતે દૂર કરી શકાય તે શીખો.

ધ્યાન કરતી વખતે (૧) શાંત બેસો (૨) કરોડને સીધી રાખો (૩) ધીમા અને ઊંડા શ્વાસ લ્યો (૪) શ્વાસ તરફ ધ્યાન રાખો (૫) સાગરના મોજાંઓને જુઓ તેમ તમારી અંદરની વાસનાઓનું સાક્ષીભાવે નિરીક્ષણ કરો. જેઓ આ સમયને ધીરજ અને શાંતિથી પાર કરે છે તેઓ એક અદ્ભુત રહસ્ય અને જ્ઞાનના માલિક બને છે. જે દેહ નથી તેને જાણી લેવું એ જ વાસ્તવિક જીવનનું જ્ઞાન છે. આવા ધ્યાનની અવસ્થામાં જ્યારે ચિત્ત શૂન્ય અને શાંત થાય છે ત્યારે દેહ સિવાય બીજા અનેક જુદા જ તત્ત્વનું જ્ઞાન થાય છે. ટુંકમાં પોતાની અંદર ડૂબકીયું મારો અને જાણો. તે સમયે સાક્ષી થઇને જે કાંઇ બનતું હોય તેને જોતા રહો. તે વખતે તમારામાં નિસ્તબ્ધતા હશે. તમે એક નવા શાંતિના ધામમાં પ્રવેશ કર્યો હશે ત્યાં વિચાર નહિ હોય કેવળ ચેતના હશે અને એ શૂન્યના માધ્યમમાં ધ્યાન આત્મા તરફ વળે છે. શ્વાસ પર ધ્યાન રાખવાનું કારણ એ છે કે શ્વાસ–ઉશ્વાસ એ શરીર અને આત્મા વચ્ચેનો પૂલ છે એ માધ્યમ વડે આત્મા (જીવ) શરીરમાં રહેલ છે. જાગૃત રહીને શ્વાસ–ઉશ્વાસ નીરખવાથી હું શરીર નથી એવો અનુભવ થશે. આવા ધ્યાન વખતે તમારા મન પર કશું દબાણ રહેતું નથી. જ્યારે "હું" શૂન્ય બને છે (નાશ પામે છે) ત્યારે જ સાચા "હું"ના દર્શન થાય છે

હું આત્મા છું પણ જ્યારે મારી અંદર તપાસ કરૂં છું ત્યારે વાસના સિવાય કાંઇ જણાતું નથી. આપણું આખું જીવન વાસનામય છે. અહીં વાસનાનો અર્થ કંઇક થવું છે, કંઈક મેળવવું, છે પોતે જે સ્થિતિમાં છે તેનો સંતોષ નથી. એક વસ્તુ મળે છે કે એક ઇચ્છા પુરી થાય છે કે તરત જ બીજી ઇચ્છા ઉત્પન્ન થાય છે. આમ વાસનાની દોડનો છેડો જ નથી. વાસના એક આત્મા પરનું આવરણ છે તેથી આત્મદર્શન થતું નથી. વિચારોને નિષ્પ્રાણ કરો અને પછી તમે જે જાણશો તે જ્ઞાન છે. વિચાર જ્યાં નથી એવી ધુમાડા વગેરેની ચેતનામાં જ્ઞાન છે.

વિચારો નહિ, જાગો. વિચારની ક્રિયાને જાણો. બસ જુઓ. જોતજોતામાં કોઈક પળે છલંગ મરાય છે અને તે વખતે તમને પોતાને શૂન્યમાં જોશો. Stop and see થોભો અને જુઓ.

For Private And Personal Use Only

એ બે શબ્દોમાં આખો યોગ સમાયેલો છે. સ્વનિરીક્ષણ એટલે સાગર કિનારે ઊભેલી વ્યક્તિ સાગરના મોજાંઓને જુએ તેમ તમારી અંદરની વાસનાઓને જુઓ વિચારને પકડવાની આપણી ટેવ છે. એક વિચાર જાય ત્યારે બીજા વિચારને આપણે તરતજ પકડી લઈએ છીએ. આ બન્ને વિચારો વચ્ચે જે અંતરાય પડે છે તેમાં આપણે કદી જતા નથી. આ અંતરાય ઉંડાણમાં જવાનો (આત્મા તરફ) જવાનો રસ્તો છે. અહીં વિચારમાંથી નિર્વિચારમાં કુદવાનું છે અને એ તપ અને સાધના છે. આ નિર્વિચાર સ્થિતિ આપણને ઉંઘ આવે છે તે પહેલાની જેવી સ્થિતિ છે. આ સ્થિતિમાં સાધકને ઝોલ્લાં વગેરે અડચણ કરે છે; માટે તે વખતે જાગૃત રહેવાની જરૂર છે, અને આ નિર્વિચાર સ્થિતિ જેમ વધારે સમયની થાય તેમ કરવાની જરૂર છે. તે વખતે શ્વાસોશ્વાસ પર ધ્યાન રાખવાથી અને થોડે થોડે અંતરે ૐશાંતિ એવા એક જ માનસિક જપથી જાગૃત રહી શકાય છે. તે સ્થિતિને શબ્દમાં વર્ણન કરવાનું અશકય છે; પણ તે સ્થિતિ જે સાધક અનુભવી શકે છે તેને જ તેના રહસ્યનું જ્ઞાન થાય છે.

અજિત શાંતિ સ્તવન :

મહર્ષિ નંદિષેણ પ્રથમ પિંડસ્થ પછી પદસ્થ અને છેવટે રૂપાતીત અવસ્થાને આ સ્તવનમાં અનુસરે છે. તિર્થંકર ભગવાન કેવળજ્ઞાન પામે તે પહેલાંની તેમની સઘળી અવસ્થાના ચિંતનને પિંડસ્થ ભાવના કહે છે: સર્વજ્ઞ થયા પછીના સ્વરૂપનું ચિંતન એ પદસ્થ ભાવના છે અને સકલ કર્મરહિત થઈને સિદ્ધ બુદ્ધ થયા તેનું ચિંતન એ રૂપાતીત ભાવના છે. મહર્ષિ નંદિષેણ પ્રથમ પિંડસ્થ ભાવના ભાવતાં ગાથા ૯–૧૦–૧૧–૧૨ માં ઉભય તીર્થંકર (અજિતનાથ અને શાંતિનાથ)ની રાજરાજેશ્વર અવસ્થાનું ચિંતન કરે છે. આ પ્રમાણે રાજરાજેશ્વરની ભાવના કર્યા પછી ગા. ૧૩ અને ૧૪ માં બન્ને તિર્થંકરોની મહામુનિ તરીકે ભાવના કરે છે જે પિંડસ્થ ભાવનાનો એક પ્રકાર છે. પિંડસ્થ ભાવના કર્યાં પછી મહર્ષિ નંદિષેણ બન્ને તિર્થંકરોની ગા. ૧૫–૧૬–૧૭–૧૮ માં પદસ્થ ભાવના કરે છે. અને તેમાં તેમના અલૌકિક રૂપનો ચિતાર રજુ કરે છે. ગાથા ૧૯–૨૦–૨૧–૨૨–૨૩–૨૪ માં બન્ને તિર્થંકરોનું દેવાધિદેવત્વ સંબંધી દૃશ્ય રજુ કરે છે. બન્નેને કેવળજ્ઞાન થયું છે અને તેઓ તીર્થનું પ્રવર્ત્તન કરી રહ્યા છે તે સમયે ઋષિઓનો સમુહ, ઇંદ્રો કુબેરાદિ દેવો અને નરેન્દ્રો બન્ને તીર્થંકરોના દર્શન કરવા આવે છે અને તેમની સ્તુતિ, પૂજા કરીને કૃતકૃત્યતા અનુભવે છે. આકાશના દેવો પણ મોટી સંખ્યામાં તે વખતે એકત્ર થાય છે અને બન્ને તીર્થંકરોને પ્રણામ કરે છે. વળી સકળ સંઘ પણ ભેગો થઈને બન્ને તીર્થંકરોને પ્રણામ કરે છે. ગા. ૨૫–૨૬–૨૭–૨૮ માં દેવીઓ પણ બન્ને તીર્થંકરોને વંદન કરવાને આવે છે. અને તે વખતનું દૃશ્ય મહર્ષિ નંદિષેણ રજુ કરે છે. ગા. ૨૯–૩૦–૩૧–૩૨ માં દેવીઓ અસંખ્ય વાજિંત્રો સાથે નૃત્ય, ગાન વગેરે કરે છે ત્યારે બન્ને તીર્થંકરોની વીતરાગતાનું અનુપમ દૃશ્ય મહર્ષિ નંદિષેણ રજુ કરે છે. ગા. ૩૩–૩૪–૩૫ માં તેઓ બન્નેના શરીર પર નજર કરે છે અને શરીર પર અનેક ઉત્તમ લક્ષણો જુએ છે. પછી દર્શનશ્રી, જ્ઞાનશ્રી, ચારિત્રશ્રી તે બન્નેમાં મહર્ષિ નંદિષેણ જુએ છે અને બન્ને તીર્થંકરો સિદ્ધો છે તેવી રૂપાતીત ભાવના કરે છે. ગા. ૩૬–૩૭–૩૮માં આ સ્તવનને સુંદર રીતે ભણનારા ભક્તોને હર્ષ પમાડો મને અત્યંત આનંદ આપો અને સ્તવનના સાંભળનારાઓને સુખ–સમૃદ્ધિ આપો એવી અભિલાષા મહર્ષિ નંદિષેણ વ્યક્ત કરે છે. આ સ્તવન ગાનાર અને સાંભળનારના ઉપસર્ગ, રોગ, પાપ વગેરેને દૂર કરે છે અને તેમને શાંત આપે છે. ●

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પત્રિકાને રખડતી મૂકી આશાતના કરવી નહીં.

ॐ અર્હં નમ:

અધ્યાત્મિક યોગનિષ્ઠ શાંતમૂર્તિ અન્મિત્ર પુ. પા. **શ્રી કર્પુરવિજયજી મહારાજ** સાહેબના પટ્ટ શિષ્ય પરં વૈરાગી શુદ્ધ બ્રહ્મચારી **શ્રી પુણ્યવિજયજી મહારાજ** સાહેબના શિષ્ય રત્ન પરં તપસ્વી બાળ બ્રહ્મચારી પન્યાસજી મહારાજ **શ્રી મનોહર વિજયજી મહારાજ** સાહેબનો જીવન દીપ :—

સ્વાધ્યાય

તપસ્વી એક આવ્યા, ભક્તિ ભરી ભરી લાવ્યાં
'મનોહરવિજયજી' જેમનું છે નામ રે:
જેણે જ્યોતિ જગાવી, ભક્તિ દીપ પેટાવી,
તપથી કાયાને દમી જીત્યો કામ રે........તપ૦ ૧

પાલીતાણાના "માળિયા" ગામે, રહે ગૃહસ્થી 'રૂખડ' નામે,
તેને 'અમૃત' નામે નારી, સેવા ધર્મ ભક્તિના પુજારી:
તેના પુણ્ય બળે ભક્ત જન્મ ધરે,
આજે 'મનોહરવિજયજી' જેનું નામ રે........તપ૦ ૨

જન્મ ધર્યો ચકી કુળમાં, તોયે ધર્મ શ્રદ્ધા જિનવરના,
વળી દીક્ષા લીધી બચપણમાં, કાયા શેકી છે તપના રણમાં,
કરવા ભક્તિના કામ, છોડ્યા ઘરનાં એ ધામ,
વિચર્યા ત્યાગને પંથે સુજાણ રે........તપ૦ ૩

તપસ્યામાં વિખ્યાત મુનિજી, પુજ્યપાદ શ્રી કર્પુરવિજયજી,
જેના શિષ્ય શ્રી પુણ્યવિજયજી, તેના શિષ્ય મનોહરવિજયજી:
જેવા દાદા ગુરૂજી, તેવા થયા મુનિજી,
જેણે દીપાવ્યું ગુરૂજીનું નામ રે........તપ૦ ૪

બાળપણાથી બ્રહ્મચર્ય પાળે, કઠીન તપ માંહે જીવન ગાળે,
તપ કરીને કર્મો સર્વ બાળે, આખા કુળને એ ઉજવાળે:
જેમ કાદવે કમળ, તેમ મુનિ રહે અમળ,
જેણે ભક્તિ વરી છે નિષ્કામ રે........તપ૦ ૫

આઠ માસ ખમાણ પુરાં કીધાં, ચઉવિહારે સિદ્ધિ તપાદિક લીધાં,
સોળ- સોળ ઉપવાસ ચોવીવાર કીધાં, જેણે ભક્તિ અમીરસ પીધાં:
બાવન અઠ્ઠાઈ કીધી, આરાધના તપ યથા વિધિ,
અઠ્ઠમ ઉપવાસનો નહિ પાર રે........તપ૦ ૬

ક્ષીર સમુદ્ર તપ પ્રણવાર, કર્મસૂદન તપ નવ ધાર,
પીસ્તાલીશ આગમ ઉદ્ધાર, આંબેલથી આરાધના સાર:
ક્રિયા વિધિની સાથે ૧૦૩મી ઓળી કામ ચોવિહાર રે....તપ૦ ૭

જુનાગઢના શ્રાવક સહભાગી, ભાવનગર થયું ગુણ રાગી,
શ્રદ્ધા ભાવે હૃદયે ભક્તિ જાગી, જાતા ભવનાં દુ:ખડાં ભાંગી:
'પથિક' પ્રણમીને કહે તો, ચરણે શીશ મૂકી દેતો,
મુને પાર ઉતારો મારી નાવ રે........તપ૦ ૮

મહેન્દ્ર પ્રિન્ટરી - ભાવ...

:-બીજીવાર થડુ બાંધેલ વર્ધમાન તપની ૧૩ ઓળી પુરી થઇ સીધ્ધાચલની ૧૨ નવાણુ જુનાગઢની ૪૫૦ યાત્રા કરી કદમગીરીની ૫૫૦ યાત્રા કરી તલાજાની ૫૫૦ યાત્રા કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મચર્ય

લેખક : શાહ ચતુર્ભુજ જેચંદ

બ્રહ્મચર્યનો અર્થ આત્મા સમીપ વિચરવું અથવા આત્માની ઉપાસના કરવી એમ થાય છે. બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે ચર્યા–ક્રિયા. જે જીવન ચર્યા અથવા ક્રિયા આત્માનું હિત કરનારી હોય તે બ્રહ્મચર્ય. આ તાત્ત્વિક અર્થ છે. પણ વ્યવહારમાં બ્રહ્મચર્ય એટલે વીર્યની રક્ષા કરવી એમ અર્થ થાય છે. જેણે મન, વચન, કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરી વીર્યની રક્ષા કરી હોય તેવા પુરુષનું તેજોબળ સામર્થ્ય અપ્રતિમ હોય છે. શરીરનો રાજા વીર્ય ગણાય છે. શરીરનું પોષણ ધારણ કરતી સાતે ધાતુઓનું વીર્ય સારભૂત સત્વ છે. સંસારમાં આત્મા શરીરને આશ્રયી રહે છે. આત્માની સર્વ પ્રવૃત્તિ મન, વચન, કાયાના યોગરૂપે શરીર મારફત થાય છે. તે શરીર સુદૃઢ બળવાન હોય તેમ જીવન વ્યાપાર વધારે સારી રીતે ચાલે છે. એટલે બ્રહ્મચર્ય-પાલનથી વીર્યની રક્ષા કરવી તે આત્માની પણ રક્ષા કરવા બરોબર છે. તે વીર્ય રક્ષા માટે વિષય સેવન વગેરેનો મન, વચન, કાયાથી ત્યાગ કરવાનો છે. તેવા ત્યાગ સિવાય બ્રહ્મચર્ય પાલન થઇ શકે નહિ. તેથી જૈન પરિભાષામાં મૈથુન ત્યાગને બ્રહ્મચર્ય કહેલ છે. પંચ મહાવ્રતોમાં મૈથુન ત્યાગ અથવા બ્રહ્મચર્ય પાલન મહત્વનું વ્રત ગણાય છે અને તે ચારિત્રનો અતિ અગત્યનો ભાગ છે. આ આર્યભૂમિના દરેક ધર્મ પ્રવર્તકો અને તત્ત્વચિંતકોએ બ્રહ્મચર્યના મહિમા વિષે ઘણું કહેલ છે. બ્રહ્મચર્ય સર્વ વ્રતોમાં શિરોમણી વ્રત છે. તે જ ઋષિ, મુનિ સંયમી છે જે શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે. બ્રહ્મચર્ય પાલનથી મનુષ્ય નિરોગી, દીર્ઘાયુષી તેજસ્વી શરીર ધારણ કરે છે અને ધારેલું કામ સિદ્ધ કરવા શક્તિમાન થાય છે. કોઇ પણ યોગ સિદ્ધિ માટે બ્રહ્મચર્ય પાલન આવશ્યક છે. મંત્ર જપની સફળતા અને યોગ વિદ્યા ઋદ્ધિ સિદ્ધિ બ્રહ્મચારીને પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય ચારિત્રનો પ્રાણ છે, મોક્ષ સાધનાનો અનન્ય ઉપાય છે.

હવે મૈથુન ત્યાગ અને બ્રહ્મચર્ય પાલનના આટલા બધા મહત્ત્વ પાછળ રહેલ રહસ્યનો વિચાર કરીએ. દરેક સંસારી જીવ આત્મા અને પુદ્ગળના કર્મજન્ય સંયોગથી બનેલ છે. તે અનાદિ કાળથી ચાલ્યું આવે છે અને મોક્ષ પ્રાપ્તિ સુધી ચાલે છે. કોઈ પણ ગમે તેવા નાના સૂક્ષ્મ કે મોટા દરેક જીવને શરીર હોય છે. તે સાથે દરેક જીવને પોતાના જીવિતવ્ય અંગે આહાર, ભય. મૈથુન, પરિગ્રહ એ ચાર સંજ્ઞા અવશ્ય હોય છે. જીવન ધારણ માટે આહાર જરૂરી છે અને તે જીવ સતત ગ્રહણ કરે છે. શરીર પણ એક પરિગ્રહ છે. શરીરના ધારણ પોષણ અને બીજા ભોગ ઉપભોગ માટે જીવ વસતિસ્થાન, ધન, માલ, મિલ્કત, વિગેરેનો પણ પરિગ્રહ કરે છે. જીવ માત્રને પોતાના જીવન પ્રાણ અત્યંત વહાલા છે. તે જીવન પ્રાણનો ઘાત કરે તેવી કોઈ પણ વાતનો જીવ સતત ભય સેવે છે. તે બધી સંજ્ઞાઓમાં આત્માને શરીર સાથે સંલગ્ન કરનાર મૈથુનભાવ સૌથી મોટી સંજ્ઞા છે. આત્માનું શરીર સાથેનું તાદાત્મ્ય મૈથુનભાવથી થાય છે અને તે મિથ્યાત્વ માફક સંસારનું મૂળ બીજ કારણ છે. મિથ્યાત્વ પરિણામે જીવાત્માને મૈથુનરૂપ પૌદ્ગલિક ભાવની સતત વાસના રહે છે અને મૈથુન ક્રિયાથી અરસપરસ પુદ્ગળોનું જોડાણ થાય છે. આહાર એ શરીરની ભૂખ છે પણ તેને મિથ્યાત્વ મોહ સાથે સીધો સંબંધ નથી. મૈથુન કોઈ શરીરની ભૂખ નથી. પણ મિથ્યાત્વ મોહવાસિત જીવોની ફરી ફરી ઉત્પત્તિ યાને સંસાર સર્જન માટે એક બીજાના પુદ્ગલોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરસ્પર આકર્ષણ જોડાણરૂપ મૈથુન ક્રિયા છે. તે મૈથુન ભાવ શરીરશાસ્ત્રીઓ માને છે તેમ આહાર માફક કોઇ શારીરિક ભૂખ કારણે થતાં નથી. પણ પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદના એક પ્રકારના મોહ અથવા જાતિય વાસનાના કારણે થાય છે. તેથી શરીરશાસ્ત્રીઓ તેને Sexual hunger જાતિય ભૂખ નહિ પણ Sexual instinct જાતિય વૃત્તિ વાસના કહે છે. આહાર સંજ્ઞારૂપ ભૂખ અને મૈથુન સંજ્ઞારૂપ મોહ વાસના વચ્ચે એ ભેદ ખાસ સમજવા જેવો છે. મૈથુન શબ્દ જોડાણ સંયોગ વાચક છે. આત્માનું પુદ્ગલ સાથેનું જોડાણ મિથ્યાત્વથી થાય છે. જીવના સંસાર ભવ-પરંપરાનું મૂળ મિથ્યાત્વ અથવા જીવનો પૌદ્ગલિક ભાવ છે. જેમાં મૈથુનભાવ જાતિયવાસના મહત્વનો ભાગ ભજવે છે. અને તે દેવ મનુષ્ય નારક તીર્યંચ ચારે ગતિમાં અને સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય થી પંચેન્દ્રિય જાતિના સંસારી સર્વ જીવોમાં હોય છે. મિથ્યાત્વ માફક મૈથુન ભાવ જીવના સંસાર-ચક્રનું, સૃષ્ટિ સર્જનનું, ભવપરંપરાનું મૂળ બીજ રૂપ કારણ છે. બીજી બધી સંજ્ઞાઓ કરતાં મૈથુનભાવ સૌથી વધારે જોરદાર મિથ્યાત્વવાસિત સંજ્ઞા છે.

ઉપર મુજબ મૈથુન ભાવથી સંસાર વૃદ્ધિનું ભવ ભ્રમણનું કારણ સમજાયા પછી તેમાંથી મુક્ત થવા અને બ્રહ્મચર્ય પાળવા મૈથુન ત્યાગનું મહત્ત્વ સમજાશે. અને મૈથુન રૂપ પૌદ્ગલિક ભાવથી છૂટવા અને આત્મ શુદ્ધિ વિકાસ અને મોક્ષ સાધના માટે બ્રહ્મચર્યનું મહત્ત્વ સમજાશે. તે માટે દરેક ધર્મમાં બ્રહ્મચર્ય વ્રત પાલનને મહત્ત્વ અપાયેલ છે. પણ જૈન ધર્મનાં આચારમાં ચારિત્રના પ્રાણરૂપ તે વ્રતને સૌથી વિશેષ મહત્ત્વ અપાયું છે. કારણ જેનું બ્રહ્મચર્ય ખંડિત થાય તેનું બીજું કોઈ વ્રત ટકે નહિ અને તે સાથે અહિંસાદિ બીજા દરેક વ્રત ખંડિત દોષિત થાય તેવો નિયમ છે. તેથી સાધુ સાધ્વીના સંયમ પાલન માટે બ્રહ્મચર્યને નિરપવાદ વ્રત કહેલ છે. ધર્મના પ્રશસ્ત કારણોસર અપવાદ તરીકે બીજા વ્રતોનો ભંગ નિભાવી લેવાય પણ બ્રહ્મચર્ય વ્રત પાલનમાં કોઈ અપવાદને સ્થાન નથી.

ઉપર મુજબ બ્રહ્મચર્ય વ્રત પાલન અને મૈથુન ત્યાગનું મહત્ત્વ સમજાયા પછી તેના પાલન સંબંધી વિચાર કરીએ. બ્રહ્મચર્યનું મહત્ત્વ જેમની આત્મલક્ષી ધર્મદ્રષ્ટિ વિકસી છે તેવા મનુષ્યો અને સમકિતિ દેવોને જ સમજાય છે. પણ જ્ઞાનપૂર્વક મૈથુન ત્યાગ અને બ્રહ્મચર્યનું પાલન ફક્ત મનુષ્યો જ કરી શકે છે. દેવગતિ એ ભોગ ભૂમિ છે અને તેઓને સતત અવિરતિનો ઉદય હોય છે. તેમના વૈક્રિય શરીરની રચના જ એવી છે કે તેઓ કોઈ વિરતિના પચ્ચખાણ વ્રત નિયમ પાલન કરી શકતા નથી. પણ તેઓ સમજે છે કે દેવગતિના ઉચ્ચ પ્રકારના સુખ દાનાદિક પરોપકાર પ્રવૃત્તિ અને સંયમ ધર્મના પાલનથી તેમને મળેલ છે. પણ દેવગતિમાં કોઈ સંયમ ધર્મનું પાલન શક્ય નથી અને સંયમ ધર્મમાં તપશ્ચર્યા ઉપરાંત બ્રહ્મચર્યની મુખ્યતા છે. અને તેનું પાલન મુખ્યત્વે મનુષ્યો જ કરી શકે છે. અને મનુષ્ય ભવમાં જ સંયમ પાલનથી શાશ્વત સુખ રૂપ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. સમકિતિ દેવો તે અવધિજ્ઞાન બળે જાણે છે. તેથી બ્રહ્મચર્યની મુખ્યતા છે તેવા સંયમ ધર્મનું સર્વ શ્રેષ્ઠ પાલન કરનાર તીર્થંકર ભગવંતો અને બીજા સાધુ સંત મહાત્માઓને તે સમકિતિ દેવો હૃદયના ખરા ભક્તિભાવથી નમસ્કાર કરે છે.

(ક્રમશઃ)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only